**ક્રિમીનલ કેસ નં.૫૬૭૭/૨૦૨૧**

**આંક–૧ અન્વયે હુકમ**

આ કામના આરોપી/આરોપીઓ વિરુધ્ધ તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે ઈ. પી. કોડ ની કલમ ૨૬૯ મુજબના ગુના સબબની ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કાઢતા, તે સમન્સ તેઓને બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. આરોપીએ પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ આરોપીએ પોતાનો ગુનો કબુલ છે તેવું જાહેર કરતી સ્વેચ્છાએ પુરસીસ રજુ કરેલ છે. આરોપીની ક્રિ પ્રો. કોડની કલમ ૨૫૧ અન્વયે પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાઈ આવતુ હોવાથી તેની ગુના કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>: હુ ક મ :</u>**

આ કામના આરોપીનાઓને ક્રિ.પ્રો. કોડની કમલ ૨૫૨અન્વયે આરોપીની ગુના કબુલાતના આધારે ઈ. પી. કોડ ની કલમ ૨૬૯ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ :– ૧૦/૦૭/૨૦૨૧ (ડી.વાય.પટેલ)
વડોદરા. પમાં એડી.જયુડી.મેજી.ફ.ક.,

**સજા અંગે સાંભળ્યા,** આરોપીએ પોતે અનિવાર્ય કારણોસર ઘરની બહાર નીકળેલાનું અને પોતાને કોઈ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનું જણાવેલ છે. તેણે ભુલથી માસ્ક પહેર્યા સીવાય બહાર નીકળેલાનું જણાવેલ છે. તેની સ્વેચ્છીક ગુના કબુલાતના આધારે તેમજ આ ગુનો પ્રથમ ગુનો હોવાથી કાયદામાં નિર્દિષ્ટ પુરેપુરી સજા નહિ પરંતુ તેને ઓછામાં ઓછી સજાનો હુકમ કરવાનું યોગ્ય જણાય આવે છે. અને સજા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

આ કામના આરોપીઓને ઈ. પી. કોડની કલમ ૨૬૯ મુજબના ગુના સબબ આરોપી દીઠ **રૂપિયા ૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) કુલ્લે રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા)** નો દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેને દિન–૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ :– ૧૦/૦૭/૨૦૨૧ (ડી.વાય.પટેલ)
વડોદરા. પમાં એડી.જયુડી.મેજી.ફ.ક.,
વડોદરા.
***Code No. GJ01515***